# ભારતના રાષ્ટ્રીય ગીત વન્દે માતરમ્ ! ગાવાની અવધિ જણાવો ?

1. **નીચે પૈકીનું ક્યું જીવનલક્ષી માસિકપત્ર સંત પુનિત મહારાજે શરૂ કર્યું હતું?**
(૧) કુમાર (૨) બુદ્ધિપ્રકાશ
(૩) ઉદ્દેશ (૪) જનકલ્યાણ

2. **ગુજરાતની પ્રથમ સરકારને શપથ કોણે લેવડાવ્યા હતાં?**
(૧) પૂજ્ય મોટા (૨) મહંત સેવાદાસજી
(૩) ડોંગરેજી મહારાજ (૪) રવિશંકર મહારાજ

3. **ઇ.સ. ૧૮૪૯માં ગુજરાતી ભાષાનું પ્રથમ સાપ્તાહિક કોણે શરૂ કર્યું હતું?**
(૧) વીર નર્મદ (૨) દુર્ગારામ મહેતા
(૩) એલેક્ઝેન્ડર કિન્લોક ફાર્બસ (૪) દલપતરામ

4. **ઇ.સ. ૧૯૭૩માં ગુજરાતની પ્રથમ કૃષિ યુનિવર્સિટી ક્યાં સ્થપાઈ હતી?**
(૧) જૂનાગઢ (૨) નવસારી (૩) આણંદ (૪) દાંતીવાડા

5. **ઇ.સ. ૧૪૯૯માં અડાલજની વાવ કોણે બંધાવી હતી?**
(૧) રાણી રૂડાબાઈ (૨) રાણી ઉદયમતી
(૩) રાણી દેવળદેવી (૪) રાજમાતા મિનળદેવી

6. **પાવાગઢમાં મહાકાળી માતાજીની સ્થાપના કોણે કરી હતી?**
(૧) ઋષિ વિશ્વામિત્ર (૨) ઋષિ વાલ્મિકી
(૩) ભૃગુ ઋષિ (૩) ઋષિ વશિષ્ઠ

7. **"હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી" - આ વિધાન કોણે કર્યું હતું?**
(૧) કાકા કાલેલકર (૨) ઉમાશંકર જોષી
(૩) કવિ બોટાદકર (૪) મહાત્મા ગાંધી

8. **મહીપતરામ નીલકંઠ આદિના સહયોગથી અમદાવાદમાં "પ્રાર્થનાસમાજ"ની સ્થાપના કરનાર કોણ?**
(૧) નરસિંહરાવ દિવેટિયા (૨) નવલરામ પંડ્યા
(૩) શેઠ રણછોડલાલ છોટાલાલ (૪) ભોળાનાથ સારાભાઈ

9. **અમદાવાદની જુમ્મા મસ્જિદ કોણે બંધાવી હતી?**
(૧) અહમદશાહ (૨) મહમૂદ બેગડો
(૩) મુઝફ્ફરશાહ પહેલો (૪) મુઝફ્ફરશાહ બીજો

10. **દ્વારકાધીશનું નિજમંદિર પ્રથમ વાર કોણે બંધાવ્યું હતું?**
(૧) મનુ (૨) વ્રજનાભ
(૩) અભિમન્યુ (૪) આ પૈકી કોઇ નહીં

11. **ગાંધીજી કોને 'ચરોતરનું મોતી' કહેતા?**
(૧) મોતીલાલ નહેરૂ (૨) મોતીભાઈ ચૌધરી
(૩) મોતીભાઈ અમીન (૪) ડૉ. મોતીભાઈ પટેલ

12. **ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતાં?**
(૧) મહાદેવ દેસાઈ (૨) ગણેશ માવળંકર
(૩) મહાત્મા ગાંધી (૪) નારાયણ દેસાઈ

13. **"મને એ જોઇ, હસવું હજારવાર આવે છે, પ્રભુ! તારાં બનાવેલા આજે તને બનાવે છે!" - આ પંક્તિના રચયિતા કોણ?**
(૧) હરજી લવજી દામાણી (૨) રમેશ પારેખ
(૩) મનોજ ખંડેરિયા (૪) શૂન્ય પાલનપુરી

14. **અણહિલપુર પાટણના સ્થાપક વનરાજ ચાવડાના પિતા જયશિખરી ચાવડાની રાજધાની કઈ હતી?**
(૧) પંચાસર (૨) ઓખા (૩) પાટણ (૪) વડનગર

15. **ગુજરાતી સાહિત્યિક મેગેઝિન 'કુમાર'ની સ્થાપના કોણે કરી હતી?**
(૧) પ્રફુલ્લ રાવલ (૨) ધીરુ પરીખ
(૩) રવિશંકર રાવળ (૪) દુર્ગારામ મહેતા

16. **છાપખાનું શરૂ કરનાર પ્રથમ ગુજરાતી કોણ હતા?**
(૧) વીર નર્મદ (૨) મહિપતરામ રૂપરામ
(૩) દુર્ગારામ મહેતા (૪) ફરદુનજી મર્ઝબાન

17. **ગુજરાતમાં ઘોરાડ અભયારણ્ય ક્યા જિલ્લામાં આવેલું છે?**
(૧) રાજકોટ (૨) જામનગર (૩) કચ્છ (૪) અમદાવાદ

18. **"જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરું" - આ પ્રતિજ્ઞા ક્યા કવિએ લીધી હતી?**
(૧) પ્રેમાનંદ (૨) દયારામ
(૩) અખો (૪) ભાલણ

19. **ગુજરાત વિધાનસભાનું નામ ક્યા મહાનુભાવના નામ પરથી રખાયું છે?**
(૧) સરદાર વલ્લભભાઈ પટેલ (૨) મહાત્મા ગાંધી
(૩) વિઠ્ઠલભાઈ પટેલ (૪) ભાઈલાલભાઈ પટેલ

20. **ગુજરાતના ક્યા રાજાએ યશોવર્માને હરાવીને 'અવંતીનાથ'નું બિરૂદ ધારણ કર્યું હતું?**
(૧) વનરાજ ચાવડા (૨) સિદ્ધરાજ જયસિંહ
(૩) મૂળરાજ સોલંકી (૪) કુમારપાળ સોલંકી

21. **સોલંકી વંશના અંતિમ રાજા કોણ હતાં?**
(૧) ત્રિભુવનપાળ સોલંકી (૨) મૂળરાજ સોલંકી
(૩) ભીમદેવ દ્વિતીય (૪) કર્ણદેવ પ્રથમ

22. **અમદાવાદમાં ભદ્રનો કિલ્લો ક્યા સુલતાને બંધાવ્યો હતો?**
(૧) અહમદશાહ (૨) મુઝફ્ફરશાહ પ્રથમ
(૨) મુહમ્મદશાહ પ્રથમ (૩) અહમદશાહ દ્વિતીય

23. **ભારતના રાષ્ટ્રીય પંચાગ (શક સંવત)નો પ્રથમ માસ ........ થી શરૂ થાય છે?**
(૧) કારતક સુદ એકમ (૨) ફાગણ સુદ એકમ
(૩) ચૈત્ર સુદ એકમ (૪) પોષ સુદ એકમ

24. **દક્ષિણ આફ્રિકા કાયમ માટે છોડીને ગાંધીજી ઇ.સ. .........માં ભારત પરત આવ્યા હતા.**
(૧) ૧૯૧૪ (૨) ૧૯૧૦ (૩) ૧૯૧૨ (૪) ૧૯૧૬

25. **ભારતના રાષ્ટ્રીય ગીત વન્દે માતરમ્ ! ગાવાની અવધિ જણાવો.**
(૧) ૫૨ સેકન્ડ (૨) ૫૬ સેકન્ડ (૩) ૬૦ સેકન્ડ (૪) ૬૫ સેકન્ડ

26. **'Nelumbo Nucipera' એ ક્યા પુષ્પનું બાયોનોમિઅલ નામ છે?**
(૧) ભારતીય કમળ (૨) લાલ ગુલાબ (૩) મોગરો (૪) જાસૂદ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

27. **દિલ્હી સલ્તનત કાળમાં ઇ.સ. ૧૨૦૬ થી ૧૨૯૦ સુધી સત્તા પર રહેલા ગુલામ વંશનો સ્થાપક કોણ હતો?**
(૧) કુતુબુદ્દીન ઐબક (૨) રઝિયા સુલતાન
(૩) શમસુદ્દીન અલ્તમશ (૪) ગ્યાસુદ્દીન બલ્બન

28. **ગ્રીક પ્રતિનિધિ મેગસ્થનિસે ક્યા રાજાના શાસન વિશે 'ઇન્ડિકા' પુસ્તક લખ્યું હતું?**
(૧) ચંદ્રગુપ્ત મૌર્ય (૨) સમ્રાટ અશોક
(૩) બિંદુસાર (૪) સમુદ્રગુપ્ત

29. **મહાકવિ કાલિદાસ ક્યા સમયગાળામાં થઈ ગયા?**
(૧) મૌર્ય યુગ (૨) ગુપ્ત યુગ
(૩) સલ્તનત યુગ (૪) મગધ શાસનકાળ

30. **બાણભટ્ટ, કવિ મયૂર, મહાપંડિત જયસેન ક્યા રાજાના દરબારમાં હતાં?**
(૧) વનરાજ ચાવડા (૨) હર્ષવર્ધન
(૩) સમુદ્રગુપ્ત (૪) સમ્રાટ અશોક

31. **સમ્રાટ અશોકનો જીવન અને શાસન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલી નાખનારુ કલિંગનું યુદ્ધ ક્યારે થયું હતું?**
(૧) ઇ.સ. પૂર્વે ૨૬૦ (૨) ઇ.સ. પૂર્વે ૨૬૧
(૩) ઇ.સ. ૨૬૦ (૪) ઇ.સ. ૨૬૧

32. **દિલ્હી સલ્તનતના સમયમાં ક્યા સુલતાનના શાસનકાળ દરમિયાન આરબ મુસાફર ઇબ્નબતુતા ભારત આવ્યો હતો?**
(૧) અલાઉદ્દીન ખલજી (૨) ખિઝરખાન
(૩) મહંમદ બિન તઘલખ (૪) ઇબ્રાહીમ લોદી

33. **ઇ.સ. ૧૩૯૮માં તૈમૂર લંગે દિલ્હી પર આક્રમણ કરી લૂંટ ચલાવી હતી. એ સમયે દિલ્હીમાં સુલતાન કોણ હતાં?**
(૧) ફીરોઝશાહ તઘલખ (૨) નસીરૂદ્દીન તઘલખ
(૩) મહંમદ બિન તઘલખ (૪) ગિયાસુદ્દીન તઘલખ

34. **ઇ.સ. ૧૫૦૪માં આગરા નગરની સ્થાપના કરનારા, રાજધાની દિલ્હીથી આગરા ખસેડનારા સુલતાન કોણ?**
(૧) સિકંદર લોદી (૨) બહલોલ લોદી
(૨) ઇબ્રાહીમ લોદી (૪) કુતુબુદ્દીન મુબારકશાહ

35. **મુઘલ સામ્રાજ્યની સ્થાપના કરનારા રાજકર્તા બાબરે કઈ ભાષામાં "તુઝક-એ-બાબરી" નામની આત્મલિખિત જીવનકથા લખી હતી.**
(૧) હિન્દી (૨) ઉર્દૂ (૩) પર્શિયન (૪) તુર્કીશ

36. **પેશાવર થી કોલકાતા સુધીનો 'ધ ગ્રાન્ટ ટ્રંક રોડ' ક્યા રાજકર્તાએ બંધાવ્યો?**
(૧) હુમાયુ (૨) અકબર (૩) શાહજહાં (૪) શેરશાહ સુરી

37. **નીચે પૈકીના ક્યા રાજકર્તાએ શેખ સલીમ ચિસ્તીના માનમાં રાજધાની આગરાથી ફતેહપુર સીકરી ખસેડી હતી?**
(૧) અકબર (૨) જહાંગીર (૩) શાહજહાં (૪) શેરશાહ સુરી

38. **ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનના અંત બાદ ભારત બ્રિટિશ શાસન હેઠળ ક્યારે આવ્યું?**
(૧) માર્ચ ૧૮૫૭ (૨) નવેમ્બર ૧૮૫૮
(૩) જાન્યુઆરી, ૧૮૫૯ (૪) ઓગસ્ટ ૧૮૯૨

39. **"અમીરઅલી ઠગના પીળા રૂમાલની ગાંઠ" નવલકથા કોણે લખી હતી?**
(૧) વેણીભાઈ પુરોહિત (૨) હરકિસન મહેતા
(૩) હરીન્દ્ર દવે (૪) અશ્વિની ભટ્ટ

40. **પંજાબ અને હરિયાણા નામના બે રાજ્ય ક્યા વર્ષમાં બન્યાં?**
(૧) ૧૯૬૩ (૨) ૧૯૬૬ (૩) ૧૯૭૦ (૪) ૧૯૭૫

41. **ભારતનું સૌથી ઊંચું પર્વત શિખર ક્યું છે?**
(૧) કાંચનજંગા (૨) નંદાદેવી (૩) ત્રિશૂલ (૪) કામેત

42. **અલકનંદા અને ભાગીરથી નદી ક્યાં ભેગી થાય છે?**
(૧) વિષ્ણુપ્રયાગ (૨) રુદ્રપ્રયાગ
(૩) દેવપ્રયાગ (૪) કર્ણપ્રયાગ

43. **ભગવાનલાલ ઇન્દ્રજી નીચે પૈકીના ક્યા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતાં?**
(૧) ચિત્રકલા (૨) પુરાતત્ત્વવિદ્યા
(૩) સ્થાપત્યકલા (૪) મિલ ઉદ્યોગ

44. **........... ખાતે ૧૮ વર્ષે યોજાતો મેળો ભરૂચ જિલ્લાનો કુંભમેળો ગણાય છે.**
(૧) અંકલેશ્વર (૨) હાંસોટ (૩) ભાડભૂત (૪) નેત્રંગ

45. **ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ સંમેલન કોના પ્રમુખપદે યોજાયું હતું?**
(૧) કેશવલાલ ધ્રુવ (૨) અંબાલાલ દેસાઈ
(૩) ગોવર્ધનરામ ત્રિપાઠી (૪) રણછોડભાઈ ઉદયરામ

46. **વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના લોગોમાં સ્થાપના વર્ષ ક્યું દર્શાવાયેલું છે?**
(૧) ઇ.સ. ૧૯૪૯ (૨) ઇ.સ. ૧૯૫૦
(૩) ઇ.સ. ૧૯૪૬ (૪) ઇ.સ. ૧૯૩૬

47. **ગુજરાતમાં લેડી વિલ્સન મ્યુઝિયમ ક્યા જિલ્લામાં આવેલું છે?**
(૧) વલસાડ (૨) નવસારી (૩) સુરત (૪) વડોદરા

48. **સૌરાષ્ટ્રના રાજવીઓ અને ગાયકવાડ સરકાર વચ્ચે થયેલા 'વોકર સેટલમેન્ટ' શાને લગતું હતું?**
(૧) ખંડણીની રકમ (૨) મીઠાના વેપાર
(૩) કપાસનો વેપાર (૪) રેલવેની સ્થાપના

49. **જલિયાવાલા બાગના ભયાનક હત્યાકાંડની તપાસ માટે બ્રિટિશ સરકારે નિમેલા કમિશનનું નામ જણાવો?**
(૧) ઑડોનિલ કમિશન (૨) એટલી કમિશન
(૩) હંટર કમિશન (૪) સાયમન કમિશન

50. **ફોરવર્ડ માર્કેટ્સ કમિશનનું વડું મથક ક્યાં આવેલું છે?**
(૧) દિલ્હી (૨) મુંબઈ (૩) કલકત્તા (૪) બેંગલુરુ

**જવાબો :**

**(૧) ૪ (૨) ૪ (૩) ૩ (૪) ૪ (૫) ૧ (૬) ૧ (૭) ૪ (૮) ૪ (૯) ૧ (૧૦) ૨ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૧ (૧૫) ૩ (૧૬) ૩ (૧૭) ૩ (૧૮) ૧ (૧૯) ૩ (૨૦) ૨ (૨૧) ૧ (૨૨) ૧ (૨૩) ૩ (૨૪) ૧ (૨૫) ૪ (૨૬) ૧ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૨ (૩૧) ૨ (૩૨) ૩ (૩૩) ૨ (૩૪) ૧ (૩૫) ૪ (૩૬) ૪ (૩૭) ૧ (૩૮) ૨ (૩૯) ૨ (૪૦) ૨ (૪૧) ૧ (૪૨) ૩ (૪૩) ૨ (૪૪) ૩ (૪૫) ૩ (૪૬) ૧ (૪૭) ૧ (૪૮) ૧ (૪૯) ૩ (૫૦) ૨**